# હિંમતનગરમાં ચૂંટણીની તાલીમમાં ગેરહાજર રહેનાર ૧૮ કર્મીઓને નોટીસ

હિંમતનગર, તા. ૨૩

વિધાનસભાની ચૂંટણીઓ માટે વહીવટી તંત્ર સજ્જ બની રહ્યું છે. સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભાની બેઠકો ઉપર મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. હિંમતનગર વિધાનસભા બેઠક માટે બે દિવસીય તાલીમ કેમ્પમાં ગેરહાજર રહેનાર ૧૮ તાલીમાર્થીઓને ચૂંટણી અધિકારી રીકેંશ પટેલે નોટીસ આપી ખુલાસો માગ્યો છે.

હિંમતનગર વિધાનસભા મત વિભાગની ચૂંટણી સંદર્ભે તા. ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ વિદ્યાનગરી કેમ્પસ ખાતે ૧૯૭ પ્રિસાઈડીંગ ઓફિસર, ૩૩૮ આસી. પ્રિસાઈડીંગ ઓફિસર, ૪૫૬ પોલીંગ ઓફિસર અને ૩૩૨ મહિલા પોલીંગ ઓફિસર મળી ૧૩૨૩ તાલીમાર્થીઓ માટે તાલીમ વર્ગ યોજાયા હતા. જેમાં ૧૮ જેટલા તાલીમાર્થીઓ કોઈ કારણ આપ્યા વગર ગેરહાજર રહેતાં પ્રાંત અધિકારી અને ચૂંટણી અધિકારી રીકેંશ પટેલે આર.પી. એફ. કલમ ૧૩૪ મુજબ નોટીસ ફટકારી ખુલાસો માગ્યો છે.

ચૂંટણી અધિકારી રીકેંશ પટેલે જણાવ્યું હતું કે મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર સજ્જ છે. હિંમતનગર વિધાનસભા મત વિભાગની ચૂંટણી માટે ૧૩૨૩ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને ઈ.વી.એમ. મશીન, મતદાન અને બુથો અંગે માહિતગાર કરી તાલીમ આપવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઈ.વી.એમ. મશીનની વિશ્વાસનીયતા સાબીત કરવા માટે મતદાન સમયના એક કલાક પહેલાં ૫૦ મત નાખી મોકપોલ બાદ પુરેપુરી ચકાસણીના અંતે સીલ માર્યા પછી મતદાન શરૂ કરવામાં આવશે.

# વડગામ સીટ પર બહારના ઉમેદવારનો સ્વીકાર નહી કરાય : સ્થાનિકો

વડગામ, તા. ૨૩

વડગામ પંથકમાં ચોતરફ બહારના ઉમેદવારનો વિરોધ ઉઠેલ છે. બહારના આયાતી ઉમેદવારો આવે એ વડગામ પંથકનું લાંછન મિટાડવા સૌ કોઈ મતદારો જાગૃત છે. હવે મતદારો બહારના ઉમેદવારોની વાતોથી ભરમાવા કે છેતરાવાના નથી તેવો સૂર હાલ વડગામ પંથકમાં ઉઠવા પામ્યો છે.

મળતી માહિતી અનુસાર ૧૧ વડગામ વિધાનસભાની ચૂંટણીમાં મતદારો આ વખતે જિલ્લાના સ્થાનિક ઉમેદવારને જ સ્વીકારવા તૈયાર છે. જિલ્લાનો યુવાન, શિક્ષિત અને સક્ષમ ઉમેદવાર જ વડગામ વિધાનસભા મત વિસ્તારમાં ચાલી શકશે અને વિજયી બની શકશે તેવું સ્થાનિકો માની રહ્યા છે. આથી ફકીરભાઈ વાઘેલા મનોમન સમજી જિલ્લાના સ્થાનિક ઉમેદવારને તક પુરી પાડવા પહેલ કરે જે પક્ષના હિતમાં છે. ઉપરાંત વ્યક્તિ કરતા પક્ષ મહાન છે તો પોત-પોતાના મતવિસ્તાર વતનમાં જ ચૂંટણી લડવી જોઈએ જિલ્લાના દલિત કાર્યકરોના હિત માટે ફકીરભાઈ વાઘેલાએ પક્ષમાં સામે ચાલી ચૂંટણીના મેદાનમાંથી ખસી જઈ દલિત કાર્યકરોનું હિત વિચારવું જોઈએ તેવી પ્રબળ માંગ હાલ ઉઠવા પામી છે.

# અનવરપુરાની પરણેતર પ્રેમી પાસેથી પરત સાસરીમાં આવતા પાછી તગેડી મુકી

## હાલ પરિણિતા હિંમતનગર નારી ગૃહમાં મોકલી અપાઈ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અનવરપુરાની એક શિક્ષિત પરિણિતા કોલેજકાળ દમિયાન એક રીક્ષાવાળાના પ્રેમમાં પાગલ બની થોડા સમય પહેલા રીક્ષાવાળા સાથે ભાગી ગઈ હતી જે હાલ પરત સાસરીયામાં આવતા સાસરીયાવાળાએ તેને તગેડી મુકતા પોલીસે પરિણિતાને હિંમતનગર નારીગૃહમાં મોકલી આપી છે. જે મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના અનવરપુરા ગામની પરિણિતા વર્ષાબેન કે જે એક પુત્રીની માતા છે તેના પતિ એક સિરામિકમાં નોકરી કરતો હોવાથી આ બન્ને પતિ-પત્ની પુત્રી સાથે સલાલ ગામે ભાડાના મકાનમાં રહેતા હતા. જ્યારે પતિ નોકરી કરે છે અને વર્ષા નજીકની કોલેજમાં અભ્યાસ કરે છે. આ દરમિયાન વર્ષાનો મોયદ ગામના રીક્ષાચાલક કરણ સાથે સંપર્ક થતા બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. બાદમાં ગત ૫મી ઓક્ટોબર-૨૦૧૨ના રોજ વર્ષા અને કરણ બન્ને વડોદરા અને અમદાવાદમાં ફરવા જતા રહ્યા હતા.

મહિલા મોડીરાત સુધી ઘરે પરત ન પરતા તેના સાસરીયા વાળાએ આ મામલે વર્ષાની ગુમ થયાની પરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશને આપી હતી જે અંગે પોલીસે લોકેશનના આધારે બન્ને પ્રેમી પંખિડાને પકડી પ્રાંતિજ પોલીસ મથક લઈ આવ્યા હતા. સાસરીયાવાળાએ આ પરિણિતાને સ્વીકારવા તૈયાર ન થતા પોલીસે હાલ વર્ષાને હિંમતનગર નારી ગૃહમાં આશ્રય માટે સોંપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોલેજકાળ દરમિયાન કરવામાં આવતી ભૂલ એક નાનકડી પુત્રીને કેટલી નડશે તેનો ખ્યાલ પણ એમ.એ. થયેલ યુવતીએ નહી રાખતા યૌવનના લલકારમાં તેને પુત્રી-પતિ મા-બાપ કે અન્ય કોઈ તેનો સ્વિકાર ન કરતા તેને હાલ નારી ગૃહમાં જવું પડ્યું છે.

# ડીસાના ટેકરા વિસ્તારમાંથી એલ. સી. બી.પોલીસે એક લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપ્યો


(તસવીર : કાંતીલાલ લોધા)

ડીસા, તા. ૨૩

ડીસામાં આવેલ નહેરૂનગર ટેકરા વિસ્તારમાં એક ઈસમ વગરપાસપરમીટે વિદેશી દારૂ વેચાણ કરતો હોવાની લોકલક્રાઈમ બ્યુરો પાલનપુરને બાતમી મળી હતી. જે આધારે પોલીસે બાતમીવાળા મકાન પર પંચો રૂબરૂ દરોડો પાડયો હતો. જેમાં તલાશી દરમ્યાન મકાનમાંથી વિવિધ માર્કાની વિદેશી દારૂની કુલ ૨૫૧ બોટલ મળી આવી હતી. આ મામલે પોલીસે મકાનનો કબ્જો ધરાવતા ઈસમ વિરુધ્ધ "હીબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી તેની શોધ ખોળ હાથ ધરેલ છે.

બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસા તાલુકા પોલીસ સ્ટેશન હદમાં આવેલ નહેરૂ નગર ટેકરા વિસ્તારમાં એક વ્યક્તિ વિદેશી દારૂ વેચાણ કરે છે. તેવી બાતમી ખાનગી રાહે એલ.સી.બી.પોલીસ પાલનપુરને મળી હતી. જે બાતમી આધારે એલ.સી.બી.પોલીસે નહેરુ નગર ટેકરા વિસ્તારમાં આવેલા એક બંધ મકાનમાં દરોડો પાડયો હતો. આ મકાનમાંથી દરોડા કાર્યવાહી દરમ્યાન પોલીસને વિવિધ માર્કાની પરપ્રાંતીય વિદેશી દારૂની બસ્સો એકાવન બોટલો મળી આવી હતી. પોલીસે આ તમામ મુદ્દામાલની કિંમત રૂા. ૧,૨૩,૭૦૦ની ગણી તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. આ મામલે મકાનનો કબ્જો ધરાવનાર ભરત ગોદાભાઈ રબારી મુળ રહે રાનીવાડા હાલ રહે. નહેરૂ નગર ટેકરા ડીસાવાળાઓ વિરુધ્ધ એલ.સી.બી.પોલીસ કોન્સટેબલ રમેશભાઈ ભામજીભાઈએ ડીસા તાલુકા પોલીસ મથકે પ્રોહીબીશન એકટ મુજબની ફરીયાદ આપેલ છે. જ્યારે પોલીસ જોઈ ભાગી છુટેલ આરોપીની ડીસા તાલુકા પોલીસે શોધખોળ હાથ ધરેલ છે. ડીસા તાલુકા પોલીસ મથક હદમાંથી એલ.સી.બી. પોલીસે સ્થાનીક પોલીસને ઉંઘતી રાખી દારૂનો ક્વોલીટી કેસ કરતાં સનસનાટી મચેલ છે.

# ઊંઝામાં તસ્કરોએ મકાનનું તાળુ તોડી ૧ લાખથી વધુના દાગીના ચોરી ફરાર

ઊંઝા, તા. ૨૩

ઊંઝા શહેરમાં આવેલ એક સોસાયટીના મકાનમાં ધોળા દિવસે તસ્કરોએ મકાનનું તાળું તોડી તિજોરીમાંથી સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ એક લાખ પાંચ હજારની કિંમતના મુદ્દામાલની ઉઠાંતરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા શહેરમાં સોસાયટીઓના વિસ્તારમાં આવેલ હરિઓમ નગર સોસાયટીના એક મકાનમાં રહેતા જીગ્નેશકુમાર રામજીભાઈ પટેલ પોતાના કુટુંબીભાઈના ચાંલ્લા વિધિ પ્રસંગે બપોરના અગિયાર વાગ્યાના સુમારે વાડીમાં જમવા ગયા હતા ત્યારે ફક્ત એક કલાકના સમયગાળામાં બંધ રહેલ તેમના મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના દરવાજાનું તાળું તોડી નાંખ્યું હતું. બાદ મકાનમાં પ્રવેશી અંદર રહેલ તિજોરી તોડી હતી અને તેમાંથી સોનાના કિંમતી દાગીના તેમજ દસ હજારની રોકડ રકમ મળી કુલ એક લાખ પાંચ હજારથી કિંમતની મત્તાની આબાદરીતે ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

હરિઓમ નગર સોસાયટીના રહેણાંક મકાનમાં ધોળા દિવસે બપોરના સમયે ચોરીનો બનાવ બનતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી હતી. આ ચોરીમાં કોઈ જાણભેદુનો હાથ હોવાથી આશંકા પોલીસે વ્યક્ત કરી છે.

આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## બાયડ વિધાનસભાના રણેચી અને કોટવાડીયાના મુવાડના ગ્રામજનો કોગ્રેસમાં જોડાયા

ગુજરાત રાજયમાં હાલ વિધાનસભાની ચુટણીનો માહોલ જામ્યો છે ત્યારે હાલ ભાજપ અને કોગ્રે બન્ને પક્ષોએ એકબીજાના કાર્યકરોને મનાવવા તેમજ પોતા પક્ષમાં જોડાવવા માટે કમર કસી છે. ત્યારે આજે બાયડ વિધાનસભા મત વીસ્તારમાં આવતા રણેચી અને કોટવાઠીયા મુવાડા ગામના અંદાજે ૧૫૦ જેટલા કાર્યકરો કોગ્રેસનો ખેશ પહેરી કોગ્રેસ પક્ષમાં જોડાયા હતા. જયારે આ અંગે વધુ માહિતી આપતા બાયડ શહેર કોગ્રેસના પ્રમુખ દિનાભાઈ પટેલ અને બાયડ તાલુકા કોગ્રેસ પક્ષના પ્રમુખ અદેસીંહ વકીલે વધુમાં જણાવ્યુ હતુ કે અમે કોગ્રેસ પક્ષમાં આ ગ્રામજનોને ફુલહાર પહેરાવીને આવકારીએ છીએ અને આગામી ચુંટણીમાં જંગી બહુમતીથી કોગ્રેસ વિજયી હાકલ કરી હતી. જયારે આ જોડાયેલ કાર્યકરોમાંથી પક્ષને વધુ મજબુત બનાવવા માટે મનુભાઈ ચતુરભાઈ કોટવાડને બાયડ તાલુકાના બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા. આ અંગે બાયડ શહેર પ્રમુખ દિનુભાઈ, તાલુકા પ્રમુખ અદેસીંહભાઈ ,ગુજરાત પ્રદેશ કોગ્રેસ લઘુમતીના મંત્રી યુસુફભાઈ શેખ, ભરતભાઈ બારોટ, બાયડ તાલુકા લઘુમતી સમાજ પ્રમુખ સમીરભાઈ છકીલ તેમજ સા.કા જીલ્લા આઈ.ટી.સેલ.ના ઉપપ્રમુખ અને પ્રવકતા સમીરખાન બલોચ તેમજ મોટી સંખ્યામાં કોગ્રેંસ કાર્યકરો ઉપસ્થીત રહયા હતા. (તસવીર : સમીર બલોચ)

# ડીસામાં અફીણ રસ સાથે ઝડપાયેલ આરોપીને બે દિવસના રીમાન્ડ

## ડીસાના બીજા એડી.સીની. ચીફ. જ્યુડી. મેજી. એમ.એફ.મંડલીએ તપાસ અર્થે પોલીસની રીમાન્ડ અરજી અશંતઃ ગ્રાહ્ય રાખી

ડીસા, તા. ૨૩

ડીસા શહેર પોલીસે બાતમી આધારે ગઈકાલે એરપોર્ટ રોડ પાસેથી એક ઈસમને પ્રતિબંધીત માદક પદાર્થ અફીણ રસ સાથે ઝડપ્યો હતો. આ ઈસમ પાસેથી માદક પદાર્થ અફીણનો રસ એક કીલો મળી આવતા પોલીસે તેની વિરુધ્ધ નાર્કોટીક્સ એકટ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં તપાસ અમલદાર પી.એસ.આઈ. જે.પી.આસોડીયા દ્વારા નાર્કોટીક્સ કેસમાં ઝડપાયેલા આ આરોપીને વધુ તપાસ અર્થે પોલીસ કસ્ટડીના રીમાન્ડ આપવા સક્ષમ કોર્ટમાં રજુ કર્યો હતો. જેમાં નામદાર જજશ્રી એમ.એફ. મંડલીએ તપાસ એજન્સીની પોલીસ કસ્ટડી રીમાન્ડની અરજી અંશતઃ ગ્રાહ્ય રાખી આરોપીને બે દિવસના પોલીસ કસ્ટડીના રીમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો હતો.

જેની વિગતો જોઈએ તો ડીસા શહેર પોલીસે ગઈકાલે બાતમી આધારે રાજસ્થાનના બાડમેર જીલ્લાના પર ગામ રબારીઓની ઢાણી ખાતે રહેતા ધનીરામ નેતીરામ રબારીની પ્રતિબંધીત માદક પદાર્થ અફીણ રસ સાથે ધરપકડ કરી હતી. આ આરોપીના જાત કબ્જામાંથી અફીણ રસ મળી આવતા તપાસ અમલદારે તેની કિંમત રૂા. પચાસ હજાર ગણી ઝડપાયેલો મુદ્દામાલ કબ્જો કર્યો હતો. અને આ મામલે આરોપી ધનીરામ રબારી વિરુધ્ધ ધી નાર્કોટીક્સ એકટની કલમ ૧૮ મુજબ ગુનો દાખલ કર્યો હતો. જોકે આરોપી આ પ્રતિબંધીત માદક પદાર્થ રાજસ્થાનથી ડીસા લઈ આવ્યો હતો. અને આ પદાર્થ સંભવીત અન્ય કોઈ ઈસમને વેચવા કે નફાકારક હેતુથી આપવા લાવ્યો હોવાની તપાસ એજન્સીને શંકા હતી. જે આધારે તપાસ એજન્સીના પી.એસ.આઈ. જે.પી.આસોડીયાએ આ ગંભીર ગુનામાં અન્ય સહ તહોમતદારોની સંડોવણીની આશંકાએ ઘનિષ્ઠ તપાસ હાથ ધરી આરોપી ધનીરામને આજરોજ ડીસાની બી.જી. એ.ડી.સીની. ચીફ. જ્યુડી. મેજી. એમ.એફ. મંડલી સાહેબની કોર્ટમાં રજુ કર્યો હતો. અને આ કામમાં અન્યોની સંડોવણી સહીતના અનેક મુદ્દાઓની તપાસ માટે આરોપીને સાત દિવસના પોલીસ કસ્ટડીના રીમાન્ડ આપવા રજુઆત કરી હતી. જો કે નામદાર કોર્ટે પોલીસની માંગણી અંશતઃ ગ્રાહ્ય રાખી આરોપીને ૨૬મી નવેમ્બર ૨૦૧૨ના કલાક અગીયાર સુધીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મંજુર કરતો હુકમ કર્યો હતો.

# મહોરમના તહેવાર દરમિયાન જાહેર શાંતિ માટે ખાસ વ્યવસ્થાનું પાલન કરવા આદેશ

મહેસાણા, તા. ૨૩

મહેસાણા જિલ્લામાં મહોરમના તહેવારોમાં શાંતિ જળવાઈ રહે તે માટે ૨૪ નવેમ્બર ૨૦૧૨ થી ૨૬ નવેમ્બર ૨૦૧૨ દરમિયાન વ્યવસ્થા રાખવાનો હુકમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીએ કર્યો છે. આ હુકમનો ભંગ કરનાર સામે કલમ ૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જણાવ્યું છે.

જેમાં તાજીયા ફેરવવા માટે તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવી શરતોને આધીન તાજીયા ફેરવવાના રહશે. પરવાનગીનો હુકમ તાજીયા કાઢવા ઈચ્છનાર વ્યકિતએ સરઘસમાં હાજર રહેવું અને ફરજ પરના અધિકારી માગે ત્યારે બતાવવો પરવાનગીનો હુકમ તાજીયા કાઢવા ઈચ્છનાર વ્યકિતએ સરઘસમાં હાજર રહેવું અને ફરજ પરના અધિકારી માગે ત્યારે બતાવવો. પરવાનગીનો હુકમ ધારણ કરનાર શાંતિ જાળવવા માટે જવાબદાર ગણાશે તેમજ સરઘસમાં શાંતિ જોખમાય તેમ જણાશે તો પરવાનગી લેખિત અગર મૌખિક હુકમથી રદ કરી શકશે અને તેમ થતાં સરઘસમાં તમામ માણસોએ તાત્કાલિક વિખરાઈ જવું પડશે અને ફરીથી સરઘસ તાજીયા આજુબાજુના સ્થળે ફેરવી શકાશે નહીં.

વાજીંત્રો સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી સિવાય જાહેર રસ્તામાં વગાડી શકાશે નહીં. તાજીયા ફેરવવાના દિવસે બપોરે ૧-૦૦ વાગે ઉઠાવી પરવાનગીમાં જણાવેલ શરતો સુર્યાસ્ત પહેલાં ઠંડા કરી દેવા. તાજીયામાં ત્રીસથી વધુ માણસો માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અગર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાસેથી પરવાનગી મેળવી તાજીયાના જવાબદાર આગેવાનોએ પોતાની પાસે રાખવી અને સરઘસમાં હાજર રહેવાનું રહેશે. ટોળકીરૂપ સરઘસો મહોરમના તહેવારો દરમિયાન બંધ રાખવા, ધાર્મિક બાબત કે જાહેર જનતાની સુખાકારી જોખમાય તેવું પરવાનગી આપનાર અધિકારીશ્રીને જણાશે તો સરઘસ રૂપે તાજીયા ફેરવવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

પરવાનગી ધારણ કરનારે જે તે કાનુનો નિયમો કે હુકમો અમલમાં હશે તેનું પાલન કરવા જવાબદાર ગણાશે. જાહેર રસ્તામાં જીલ, જાલરો, હલહલ ઘોડનું સરઘસ કાઢવા પરવાનગી આપવામાં આવશે નહી તેમજ તાજીયા ફરવા દેવામાં આવશે નહીં. તાજીયાના દિવસે તાબુતનું સરઘસ કાઢતી વખતે તે ઉઠાવી ટુંકામાં ટુંકા રસ્તે લઈ જવાની તેમજ પોલીસ અમલદાર સ્થળે આપે તેવી સુચના મુજબ જવાની શરતે પરવાનગી આપવામાં આવશે.

તાજીયા ફેરવવાના રસ્તામાં કોઈ ગાડી, મોટર અગર બીજા વાહનો અગર સ્મશાન યાત્રા લગ્ન વરઘોડા આવે તો તાજીયા વાળાએ ડાબી બાજુએ રહી જમણી બાજુ રસ્તો આપી તેમને જવા દેવાની કાળજી રાખવી. વીજળી, ટેલીફોનના દોરડા નાંખેલા હોય ત્યાં સદર વીજળી ઘર, ટેલિફોન વગેરેના તાર, દોરડાને કોઈ પણ જાતની હરકત આવે નહીં તેટલી જ ઉંચાઈના તાજીયા હોવા જોઈએ. તાજીયા ઠંડા કરવા ગામ કુવા કે જેનો પીવાના પાણી તરીકે ઉપયોગ થાય છે તેમાં ફુલ વિગેરે નાખવા નહીં કે પધરાવવા નહીં. આ ઉપરાંત વિધાનસભા ચૂંટણી આચાર સંહિતા તથા લાઉડ સ્પીકર વગાડવા માટે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓએ આપેલ મંજુરી મુજબ નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તાજીયાના સરઘસમાં કોઈ રાજકીય પક્ષોના પ્રતીકોના પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સમાચાર ઝલક

- હવે ગોલ્ડ બોન્ડ મળશે, સોના જેવું રિટર્ન મળશે.
- વિવિધ કૃષિ કોમોડિટીના ભાવો વધશે, ચાલુ વર્ષે વરસાદ ઓછો થવાની સંભાવના !!!
- કસાબને ફાંસીના માંચડા સુધી પહોંચાડવામાં બે મહિલા મીરા-મેઘાની મહત્ત્વની ભૂમિકા.
- ગુજરાત પોલીસતંત્ર (કોન્સ્ટેબલ કક્ષાએ) યુવાન બન્યું, એવરેજ ઉંમર ૪૦ વર્ષ હોવાનું તારણ.
- અંતે શોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર આરોપીઓ મુંબઇ ખસેડાયા. કેસ મુંબઇની અદાલતમાં ચાલશે.
- અમદાવાદમાં વિક્રમી ૨૭ કરોડમાં વેચાયો બંગલો !!! પ્રતિ ચો.વાર રૂા. ૧.૨૫ લાખ બોલાયો.
- હવે મોબાઇલ કંપનીઓએ પ્રિપ્રેઇડ વાઉચર્સમાં કાપ મૂક્યો.
- ચૂંટણી ફરજ ન હોય તો પણ સરકારી કર્મચારીઓએ રજા માટે મંજૂરી લેવી પડશે.
- ચાલુ વર્ષમાં રેલ્વેમાં ૨ લાખ કર્મચારીઓની ભરતી થશે.
- ધોરણ-૧૦ નાપાસ વિદ્યાર્થીઓ જૂના અભ્યાસક્રમ પ્રમાણે આપવાની છૂટ.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના કાર્યાલયમાં દયાની ૧૪ અરજીઓ પડતર છે.
- ગોવામાં યાજાયો ૪૩મો ફિલ્મ સમારોહ.
- ૨૦૧૨માં વિદેશમાથી ૭૦ અબજ ડોલરની રકમ ભારતમાં આવી : વિશ્વ બેંકનો અહેવાલ.
- ઇસ્લામિક બેન્કીંગની શરૂઆત કરવા રિઝર્વ બેંકનો ઇન્કાર.

## માનસ અને લોકમાનસ (પાના નં. ૨ નું ચાલુ)

લોકો જ એમનું બળ બની ગયા હતા. એટલે એ કાયદાની અને બંધારણની પણ ઐસી તૈસી કરીને જીભે ચડ્યું તે બેફિકરાઈ પૂર્વક બોલી શકતા હતા. એમની આ નિર્દંભ અને ધારદાર વાણી જ એમના દિગ્વિજયનું અમોઘ શસ્ત્ર બની રહી. વિરોધીઓને પણ નીચી મૂંડીએ એમની સ્મશાનયાત્રામાં હાજરી આપવી પડી અને મરણ પથારીએથી જે કોગ્રેંસને એમણે દેશનું અંધારૂં ગણાવી ઉખાડી ફેંકવાની હાકલ કરી હતી એ જ કોગ્રેંસ શાસને એમને રાજકીય સન્માન પૂર્વક શિવાજી પાર્કમાં જ અગ્નિદાહ આપવાની સુવિધા કરી આપવી પડી! લોકશક્તિનો આથી મોટો પરચો બીજો કયો હોઈ શકે? લોકમાનસએ અનંત અભ્યાસનો વિષય બને એવો મુદ્દો છે. ભૂતકાળમાં લોકોએ ક્યારેક સત્યાગ્રહથી તો ક્યારેક લોહિયાળ જંગ ખેલીને તાકાતવાળી સત્તાઓને નેસ્તનાબૂદ કરી છે. લોકચેતના સાથે ઓળઘોળ થઈ જવાની કળા જાણનાર જ સાચો લોકનાયક બની શકે. મહાત્મા ગાંધી અને બાળસાહેબ સામસમા છેડાના લોકનાયકો છે. નેતા જ્યારે પ્રજા માટે જીવ આપવા તૈયાર થાય છે ત્યારે પ્રજા એનો અનેકગણા ઉમળકા સાથે પ્રતિસાદ પાઠવે છે.

## લાગણીનો મેળો (પાના નં. ૨ નું ચાલુ)

**દોસ્તો... કદાચ પરમાત્મામાં શ્રધ્ધા નહીં હશે તો ચાલશે પરંતુ આત્મ શ્રધ્ધા વગર નહીં ચાલે. નિર્બળતાને નાતવા આત્મબળ ઔષધ છે. શ્રધ્ધા એ તો એક પરિવર્તન બળ છે. સ્વયં પરમાત્મા બળ-બુધ્ધિ માગનારાને છૂપા રહી બળ પ્રદાન કરી રહ્યા છે. માત્ર આ શક્તિને આપણે તો જગાડવાની છે. અમારા એક વડીલનું અવસાન થયું. પિતાના અવસાન પછી દીકરાને પારાવાર આર્થિક હાલાકી ભોગવવાનો વારો આવ્યો... એક દિવસ કબાટ ફેંદતા ફેંદતા ચાર લાખની ફિક્સડ ડીપોઝીટની રસીદો એના હાથમાં આવી ત્યારે સહુને ખબર પડી કે આટલી મૂડીના માલિકને તે વિશેના જ્ઞાનનો અભાવે કેટલું સહન કરવું પડ્યું!**

**જરા વિચારો... આપણે પણ ઇશ્વર દત્ત શક્તિનો સાવ અલ્પ ભાગ જ ઉપયોગમાં લઇએ છીએ. તો શા માટે અકલ્પ્ય શક્તિના પુંજને વણ વપરાયેલો પડ્યો રહેવા દેવો.**

**દોસ્તો... જિંદગીની જાદુગરી તમને પ્રાપ્ત થઇ શકે છે. તમે જ ‘તમે’ છો. જીવન સમ્રાટ બની શકો છો. નિર્બળતા ફંગોળી તમારી અંદર વહેતા ચેતનાના પ્રવાહને શ્રધ્ધા અને વિચારના ધોરીયા વાટે તમારી જીવન ભોમકામાં લાવી દો... જીવનની હરિયાળી લહેરાશે... જીવનનો જયકાર ગાઇ શકશો!!!**

**-: સ્પર્શમણિ :-**

**આપણું જીવન બાળકના ફુગ્ગા જેવું બની ગયું છે. સંપત્તિરૂપી હવા જયારે ભરાય છે ત્યારે તે ફૂલ છે અને હવા નીકળી જતાં એ સાવ ચીમભાઇ જાય છે. પોલાણને દૂર કરવા સંસ્કાર અને જ્ઞાનની હવા એમાં ભરો તો સંપત્તિની ગેરહાજરીમાં પણ તે નક્કર કહેશે.**